સેકટરોમાં સ્ટ્રીટ લાઈટના થાંભલા કંગાળ અને જોખમી હાલતમાં

સેકટરોમાં દાયકાઓ જુના થાંભલાની જાળવણીના નામે મીંડુ કલરકામ પણ અધુરુ છોડી દેવાયુ

ગાંધીનગર તા ૮

શહેરના સેકટરોમાં અજવાળુ પાથરવા માટે અંદાજિત ૧૮ હજાર જેટલા સ્ટ્રીટ લાઈટના થાંભલા છે. જો કે સેકટરોમાં મોટાભાગના થાંભલાઓ બંધ હાલતમાં હોવાનો સુર પણ ઉઠવા પામ્યો છે. ત્યારે જાળવણીના અભાવે દાયકાઓ જુના થાંભલા કંગાળ અને જોખમી હાલતમાં જોવા મળી રહ્યા છે. ગત વાઈબ્રન્ટ સમિટના અંતે ગણ્યાગાંઠ્યા થાંભલાને કલર ચોપડી તંત્રએ કામગીરી આટોપી લીધી હતી. જયારે સેકટરોમાં હાલ કટાયેલા થાંભલા બંધ હોવાની સાથે સલામતીના પરિબળને અનુલક્ષીને પણ જોખમી સ્થિતિમાં જોવા મળી રહ્યા છે.

શહેરના સેકટરોમાં સ્થિત સ્ટ્રીટ લાઈટના થાંભલા વર્ષોના અંતે પણ કંગાળ હાલતમાં છે. સેકટરોમાં મોટાભાગની સ્ટ્રીટ લાઈટો ડુલ હોવાની ફરિયાદો વારંવાર ઉઠવા પામે છે. ત્યારે સ્ટ્રીટ લાઈટના થાંભલાની હાલત પણ અત્યંત બદતર બની છે. કંગાળ અને કટાયેલા સ્ટ્રીટ લાઈટના થાંભલા નગરના સેકટરોની ઓળખ બન્યા છે. શહેરમાં દાયકાઓ જુના સ્ટ્રીટ લાઈટના થાંભલા હજુ પણ યથાવત છે. થાંભલા બદલવાની યોજના પણ અભેરાઈએ ચઢી છે. થાંભલાને કલર કરવાનુ

● અનુસંધાન પાન-૭ પર

સ્વચ્છતા મિશનની નબળી કામગીરીને લઈ ગ્રામ વિકાસ એજન્સીના નિયામકને નોટીસ

સરકારની ફ્લેગશીપ યોજનાઓના અમલીકરણમાં ઉદાસીન વલણ અંગે ચારેય ટી.ડી.ઓ.ને નોટીસ અપાઈ

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર જિલ્લામાં સ્વચ્છતા મિશન અંતર્ગત નબળી કામગીરી માટે તેમજ ફ્લેગશીપ યોજનાઓના અમલીકરણમાં ઉદાસીન વલણને લઈ જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક અને ટી.ડી.ઓ.ને નોટીસ આપવાના હુકમો ગ્રામ વિકાસ એજન્સીના ચેરમેન વ જિલ્લા વિકાસ અધિકારી આર.આર. રાવલે કર્યા છે.

આજે જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીની કચેરી ખાતે સમીક્ષા બેઠકમાં આ આદેશ જિલ્લા વિકાસ અધિકારીએ આપ્યા હતા.

રાજ્ય અને કેન્દ્ર સરકાર હસ્તકની ફ્લેગશીપ યોજનાઓના અમલીકરણમાં પણ ઉદાસીનતા દાખવવા માટે ચારેય તાલુકા વિકાસ અધિકારીઓને નોટીસ આપવાના આદેશો આપ્યા હતા. પ્રધાનમંત્રી આવાસ યોજના, મનરેગા સહિતની યોજનાઓના અમલીકરણમાં ઉધાસીનતા દાખવવાને લઈ જિલ્લા વિકાસ અધિકારીએ સખ્ત નારાજગી વ્યક્ત કરી હતી.

જિલ્લામાં સ્વચ્છતા મિશનની અત્યંત નબળી કામગીરીનો અહેવાલ જોઈ જિલ્લા વિકાસ અધિકારીએ આજે સમગ્ર તંત્રને આડે હાથ લીધુ હતુ. સ્વચ્છતા મિશનમાં ગાંધીનગર જિલ્લાનો ક્રમ ૩૩મો આવતાં તેમણે આ અંગે દુઃખની લાગણી વ્યક્ત કરી જણાવ્યુ હતુ કે મારે પરિણામલક્ષી કામગીરી જોઈએ છે હું કોઈ પણ પ્રકારની બ્હાનાબાજી સાંભળવા નથી માંગતો.

૧૧મી સપ્ટેમ્બરથી સ્વચ્છતા મિશન અંગે વારંવારની સૂચનાઓ પછી પણ જો કોઈ કામગીરી ન થઈ શકતી હોય તો જવાબદારી કોની છે... તેમણે આ મુદ્દે કારણોની ચર્ચા ટાળી જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક બ્રહ્મભટ્ટ સહિત તમામ જવાબદારોને કારણદર્શક નોટીસ આપવાના આદેશ કર્યા હતા. ૧૫ જ દિવસમાં આ અંગેનો લેખિતમાં ખુલાસો કરવાનો રહેશે.

જિલ્લા વિકાસ અધિકારીએ ગ્રામ વિકાસ એજન્સી હસ્તકની વિવિધ યોજનાઓની પણ સમીક્ષા કરી હતી અને યોજનાકીય લક્ષ્યાંકોની સિદ્ધિ માટે કડક તાકીદ કરી હતી. તેમણે જણાવ્યુ હતુ કે કલ્યાણ યોજનાઓનો લાભ આપણે છેવાડાના લાભાર્થીને પહોંચતો કરવાની આપણી પ્રાથમિક જવાબદારીમાં ચૂક થાય તે યોગ્ય નથી.

શહેરના ૬૩ હજારથી વધુ બાળકોને શાળા-આરોગ્ય ચકાસણીમાં તપાસવામાં આવશે

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર શહેરની ૨૪૨ શૈક્ષણિક સંસ્થાના ૬૩,૧૯૦ બાળકોના આરોગ્યની ચકાસણી ૨૫મી નવેમ્બરથી આરંભાશે.

રાજ્યના આરોગ્યતંત્રના મહત્વાકાંક્ષી કાર્યક્રમ શાળા-આરોગ્ય ચકાસણી અભિયાન હેઠળ આ બાળકોની તપાસણી થશે. ૧૮ વર્ષની આયુ ધરાવતા ૩૫,૧૬૭ દિકરા અને ૨૮૦૨૩ દિકરીઓના આરોગ્યની ચકાસણી કરવામાં આવશે.

મનપાના આરોગ્ય અધિકારી ડૉ. ગોસ્વામીના જણાવ્યા મુજબ ગત વર્ષ કરતાં આ વખતે બાળકોની સંખ્યામાં ૧ હજાર જેટલો વધારો થયો છે. તેમણે જણાવ્યુ હતુ કે આ બાળકોની તપાસણી માટે ૧૭ જેટલી ટીમો બનાવવામાં આવી છે. ૨૫મી નવે. થી શરૂ થઈ રહેલ આ કાર્યક્રમ ૩૦મી જાન્યુઆરી સુધી ચાલશે. તેમણે કહ્યુ હતુ કે આ અંગેનું સંપૂર્ણ આયોજન થઈ ગયુ છે. બાળકોના આરોગ્યની ચકાસણીની સાથે સાથે વિવિધ જન-જાગૃતિના કાર્યક્રમો પણ યોજવામાં આવનાર છે.

ડૉ. ગોસ્વામીએ જણાવ્યુ હતુ કે ગત વર્ષે આ કાર્યક્રમ અંતર્ગત ૬૨ હજારથી વધુ બાળકોની ચકાસણી કરવામાં આવી હતી. જેમાં ગંભીર પ્રકારની કરી શકાય તેવી હૃદયની બિમારી ધરાવતા ૫૫, કિડનીની બિમારી ધરાવતા ૨૦, કેન્સરની બિમારી ધરાવતા ૫ અને થેલેસીમીયાની બિમારી ધરાવતા ૪ બાળકો મળી આવ્યા હતા.

તેમણે એમ પણ કહ્યુ હતુ કે કોકલીયર ઈમ્પ્લાન્ટ, ક્લબફૂટ તેમજ ક્લબલીપની સારવાર પણ ત્રણ બાળકોને આપવામાં આવી હતી.

આ ચકાસણી દરમ્યાન ગંભીર બિમારી ધરાવતા બાળકોની સારવારનો સંપૂર્ણ ખર્ચ રાજ્ય સરકાર ઉપાડે છે. શહેરની ૨૪૨ શૈક્ષણિક સંસ્થાઓના બાળકોને આ અભિયાનમાં આવરી લેવામાં આવશે.

આરટીઓના ટેકસ કૌભાંડમાં ૬ કલાર્કને વાહન વ્યવહાર વિભાગની નોટીસ

લકઝુરીયસ કારને સરકારી કારમાં ખપાવી તગડો ટેકસ ભર્યો ન હતો : સિફતાઇપુર્વક આચરવામાં આવેલા કૌભાંડમાં તપાસ આગળ વધી

ગાંધીનગર તા ૮

ગાંધીનગર આર ટી ઓ કચેરીમાં લકઝુરીયસ કારનો ટેકસ નહીં ભરી સરકારી વાહનમાં ખપાવી દેવાના કૌભાંડમાં વાહન વ્યવહાર કચેરી કક્ષાએથી હાથ ધરાયેલી તપાસમાં આર ટી ઓ કચેરીના ૬ કલાર્કને નોટીસ આપવામાં આવી છે.

ગાંધીનગર આર ટી ઓ કચેરીમાં લકઝુરિયસ કારનો ટેકસ નહીં ભરી અને સરકારી વાહન હોવાનુ ખપાવીને મોટુ કૌભાંડ આચરવાના કેસમાં આર ટી ઓ અધિકારીએ સે-૭ પોલીસ મથકે અરજી આપી હતી. જયારે આ કેસ સંદર્ભે પોલીસ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી હતી. વર્ષ ૨૦૧૮ દરમિયાન ગાંધીનગર આર ટી ઓ કચેરીમાં ટેકસ ન ભરાયો હોવાનુ છ મહીના અગાઉના ઓડીટમાં બહાર આવ્યુ હતુ જયારે તપાસના અંતે લકઝુરીયસ કાર સહીત ૨૦ જેટલા વાહનોને સરકારી વાહન તરીકે દર્શાવી હતી જેથી તેના ટેકસની રકમ ભરવાની થતી નથી.

● અનુસંધાન પાન-૭ પર

શહેરમાં બદલાતા વાતાવરણથી ઘરે-ઘરે બિમારી

શહેરની હોસ્પિટલમાં તાવ-શરદીના દર્દીની સંખ્યા દિવસે દિવસે વધી રહી છે : સામાન્ય દવાથી કામ ચાલી નથી રહ્યુ

ગાંધીનગર, તા. ૮

વાતાવરણમાં ઘણા દિવસોથી ફેરફાર અનુભવાઈ રહ્યો છે. ગરમી, ઠંડી અને વરસાદ ત્રણેય ઋતુ એક સાથે દિવસ દરમ્યાન અનુભવાઈ રહી છે. સાંજે છ વાગ્યા સુધીમાં અંધારાનો અનુભવ થવા લાગ્યો છે તથા આગામી દિવસોમાં ધીમે ધીમે ઠંડી વધશે તેમ લાગી રહ્યું છે. આ વાતાવરણની શહેરીજનો પર સીધી અસર પડી રહી છે. ડેન્ગ્યુના તાવ સિવાય પણ આજે તાવ, સરદી, વાયરલ જેવા રોગ ઘર કરી રહ્યા છે.

શહેરમાં નવરાત્રી બાદથી વાતાવરણમાં બદલાવ જણાઈ રહ્યો છે. જે સાથે રોગચાળાનું પ્રમાણ વધ્યુ છે. શહેરમાં ઘરે ઘરે બિમારી ઘર કરી ગઈ છે. સામાન્ય તાવ, શરદી-ખાંસી દરેક ઘરોમાં જણાઈ રહી છે. શહેરીજનો આ બદલાતા વાતાવરણથી ત્રસ્ત છે. સાથે સાથે રાત્રે અને વહેલી સવારે ઠંડી વધવાથી દ્વિચક્રી વાહન પર નીકળનારને હવે સ્વેટર, જેકેટ કે શાલ ઓઢીને જ નીકળવુ પડે છે અને બપોર થતા જ સખત ગરમીનો અનુભવ થઈ રહ્યો છે. ક્યારેક વરસાદ પણ પડી જાય છે.

શહેરની હોસ્પિટલમાં તાવ-શરદીના દર્દીની સંખ્યા દિવસે દિવસે વધી રહી છે. સામાન્ય દવાથી કામ ચાલી નથી રહ્યુ. આ સાથે ડેન્ગ્યુના કેસના દર્દીની સંખ્યામાં પણ વધારો થતો જ જાય છે. સામાન્ય રીતે ડૉક્ટરની અપોઈનમેન્ટ લીધા બાદ દસ પંદર મિનિટ રાહ જોવી પડતી હવે અડધો કલાકથી વધુ સમય તો ડૉક્ટર પાસે ચેકઅપ કરાવવા માટે વેઈટીંગમાં બેસવુ પડે છે.

આમ બદલાતા વાતાવરણની સાથે શહેરમાં ફેલાતી બિમારીથી શહેરીજનો ત્રસ્ત છે.

Gujarat State Petronet Limited

Corporate Identity Number : L40200GJ1998SGC035188
Regd Office : GSPC Bhavan, Sector-11, Gandhinagar-382 010 Tel: +91-79-66701001 Fax: +91-79-23236477
Website: www.gujpetronet.com Email: investors.gspl@gspc.in

EXTRACT OF STATEMENT OF STANDALONE AND CONSOLIDATED UNAUDITED FINANCIAL RESULTS FOR THE QUARTER AND HALF YEAR ENDED 30TH SEPTEMBER 2019

(₹ in Lakhs)

Sr. No.	Particulars	Standalone Results			Consolidated Results		
		Quarter ended 30.09.2019 (Unaudited)	Half Year ended 30.09.2019 (Unaudited)	Quarter ended 30.09.2018 (Unaudited)	Quarter ended 30.09.2019 (Unaudited)	Half Year ended 30.09.2019 (Unaudited)	Quarter ended 30.09.2018 (Unaudited)
1	Total Income from Operations(net)	68,098.57	1,20,123.57	63,669.59	3,12,932.84	6,23,685.42	2,57,693.78
2	Net Profit/(Loss) for the period (before Tax and Exceptional items)	38,895.18	70,186.92	45,526.95	61,137.95	1,28,437.26	48,319.95
3	Net Profit/(Loss) for the period before tax (after Exceptional items and Share of profit/(loss) of joint venture and associates accounted for using the equity method (net of tax))	38,895.18	70,186.92	45,526.95	61,274.63	1,28,709.01	49,122.47
4	Net Profit/(Loss) for the period after tax (after Exceptional items)	45,486.03	66,099.73	32,334.00	93,317.88	1,37,221.00	34,106.08
5	Total Comprehensive Income for the period [Comprising Profit/(Loss) for the period after tax and Other Comprehensive Income (after tax)]	45,408.67	65,991.21	32,206.83	93,035.76	1,36,647.52	34,073.91
6	Equity Share Capital(face value of Rs. 10/- each)	56,405.09	56,405.09	56,388.06	56,405.09	56,405.09	56,388.06
7	Reserves(excluding Revaluation Reserve as shown in Balance Sheet)	-	-	-	-	-	-
8 i.	Earnings per share(EPS)						
	a) Basic EPS(Rs.)	8.06	11.72	5.73	12.34	18.23	5.71
	b) Diluted EPS(Rs.) (face value of Rs. 10/- each)	8.06	11.72	5.73	12.34	18.22	5.71

Notes:
1 The above is an extract of the detailed format of Quarterly Financial Results filed with the Stock Exchanges under Regulation 33 of the SEBI(Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015. The full format of the Quarterly Financial Results are available on the Stock Exchange websites (www.nseindia.com and www.bseindia.com) and Company's website (www.gujpetronet.com)
2 The above results were reviewed by the Audit Committee and approved by the Board of Directors of the Company in its meeting held on 8th November, 2019.
3 The above results are in accordance with the Indian Accounting Standards(Ind-AS) as prescribed under Section 133 of the Companies Act, 2013, read with the relevant rules issued thereunder and other accounting principles generally accepted in India. Accordingly, previous period's figures have been reclassified/regrouped/restated, wherever necessary.

For and on behalf of Gujarat State Petronet Limited
Dr. J. N. Singh, IAS
Managing Director

Place: Gandhinagar
Date: 8th November, 2019

બિટકોઈન કેસમાં ઈન્સપેકટર સુનીલ નાયર સામે ૫ કરોડની ખંડણી લેવાનો ગુનો નોંધાયો

ગાંધીનગર સ્થિત ઈન્સપેકટર સુનીલ નાયર દ્વારા ગાંધીનગર બોલાવી કાળા નાણાનું બિટકોઈનમાં રોકાણ કરવામાં આવ્યુ છે તેવી ધમકી આપી

ગાંધીનગર,તા.૮

ગુજરાતના બહુ ચર્ચીત બિટકોઈન કેસમાં સીબીઆઈ દિલ્હીની એન્ટી કરપ્સન બ્રાન્ચ દ્વારા અગાઉ ગાંધીનગરમાં ઈન્સપેકટર તરીકે ફરજ બજાવતા ઈન્સપેકટર સુનીલ નાયર સામે રૂપિયા પાંચ કરોડની ખંડણી લેવાનો ગુનો નોંધ્યો છે. સીબીઆઈએ આ કેસમાં મધ્યસ્થી કરનાર કિરીટ પાલડિયાને પણ આરોપી બનાવ્યો છે. આ ઘટના ગત વર્ષે ફેબ્રુઆરી ૨૦૧૮માં ઘટી હતી જેમાં સુતના બીલ્ડર શૈલેષ ભટ્ટ પાસે આવેલી બિટકોઈનની રકમ અંગે એન્ફોર્સમેન્ટ અને ઈક્મટેકસ વિભાગને જાણ નહીં રવાની ધમકી આપી બે તબક્કે ૪.૬૦ કરોડ રૂપિયા લીધાનું હોવાની સીબીઆઈની પ્રાથમિક તપાસમાં બહાર આવ્યા પછી આ ગુનો નોંધવામાં આવ્યો છે.

ગુજરાતના બહુ ચર્ચીત બિટકોઈન કેસમાં ફેબ્રુઆરી ૨૦૧૮માં સુરતના બીલ્ડર શૈલેષ ભટ્ટને સીબીઆઈના ગાંધીનગર સ્થિત ઈન્સપેકટર સુનીલ નાયર દ્વારા ગાંધીનગર બોલાવી કાળા નાણાનું બિટકોઈનમાં રોકાણ કરવામાં આવ્યુ છે તેવી ધમકી આપી આ મામલે ઈડી અને આઈટીને સામેલ કરવાની ધમકી આપવામાં આવી હતી આ કેસમાં જો બચવુ હોય તો પાંચ કરોડ આપવા પડશે તેવી માગણી કરવામાં આવી હતી, ખરેખર સીબીઆઈના ઈન્સપેકટર સુનીલ નાયર અને શૈલેષ ભટ્ટના નજીકના મિત્ર કીરીટ પાલડિયાએ સાથે મળી કાવત્રુ ઘડી શૈલેષ ભટ્ટને ડરાવી પૈસા પડાવ્યા હતા.

આ ઘટના બાદ શૈલેષ ભટ્ટનું અમરેલી પોલીસ દ્વારા અપહરણ કરી રૂપિયા ૧૪ કરોડના બિટકોઈન પડાવી લેવામાં આવ્યા હતા,, આમ બે બે એજન્સીઓ દ્વારા લૂંટી લેવામાં આવતા આખરે શૈલેષ ભટ્ટે આ મામલે ગુજરાત સીઆઈડી કાઈમમાં ફરિયાદ કરતા સીઆઈડી કાઈમ દ્વારા અમરેલીના એસપી જગદીશ પટેલ અને ઈન્સપેકટર અનંત પટેલ સહિત આ પ્રકરણમાં સામેલ પોલીસ કર્મચારીઓની ધરપકડ કરી હતી, પરંતુ આ તપાસ આગળ ચાલતા નવો ઘટસ્ફોટ થયો હતો જેમાં શૈલેષ ભટ્ટે સુરતના ધવલ માવાણીને ઈક્મટેકસ અધિકારી તરીકે ખોટી ઓળખ આપી ૧૫૦ કરોડ લૂંટી લીધા હતા, આ ફરિયાદ બાદ શૈલેષ ભટ્ટ ફરાર થઈ ગયા હતા.

ધો.૧૨ કોમર્સ હિન્દી-અંગ્રેજીનું પેપર હવે એનસીઈઆરટીના પુસ્તક પરથી લેવાશે

ગાંધીનગર,તા.૮

ધોરણ ૧૨ કોમર્સ (સામાન્ય) પ્રવાહની ૨૦૨૦ની પરીક્ષાના વિદ્યાર્થીઓ માટે નવી ગાઈડલાઈન્સ ઈશ્યૂ કરાઈ છે. જે મુજબ ધોરણ ૧૨ કોમર્સના રેગ્યુલર, ખાનગી રેગ્યુલર અને પૃથ્થક વિદ્યાર્થીઓને હિન્દી પ્રથમ ભાષા અને અંગ્રેજી પ્રથમ ભાષાનું પ્રશ્નપત્ર એનસીઈઆરટીના પુસ્તકોમાંથી લેવાશે. જોકે રિપિટર્સ જુના કોર્ષ પ્રમાણે જ પરીક્ષા આપશે. રિપિટર વિદ્યાર્થીઓ માટે નવા કોર્સ મુજબ નહીં પરંતુ જુના કોર્સ મુજબ પરીક્ષા આપવાનો નિર્ણય કરાયો છે. ઉલ્લખનીય છે કે, મોટાભાગે સાયન્સના પુસ્તકો એનસીઈઆરટી પ્રમાણે કરાયા છે. ઉપરાંત સામાન્ય પ્રવાહ, ઉત્તર બુનિયાદી પ્રવાહ અને વ્યવસાયલક્ષી પ્રવાહો માટે પણ પ્રથમ ભાષાના પુસ્તકો એનસીઈઆઈટી પ્રમાણે લાગુ કરવામાં આવ્યા છે.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT — Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS — Mazboot Bharat ki Pehchan

જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ગાંધીનગરની સંસ્કારી નગરીમાં શાંત અને રમણીય વાતાવરણ સાથે ગુજરાતની પારંપારિક સંસ્કૃતિની ઝાંખી કરાવતું વિવિધ ગુજરાતી ભોજન - વ્યંજનના રસથાળનું જમણ એટલે...
bansari TRADITIONAL
ભાતીગળ ભોજનનો આસ્વાદ
(A.C Restaurant)
Managed by : Maa FOODS
101, First Floor, Haveli Arcade, Near Hotel Fortune inn Haveli, Sector-11, Gandhinagar-382010. M. : 8871887159, M. 8160053460

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com